મોડાસાના ક્રિકેટ ગ્રાઉન્ડ પર શ્રદ્ધાંજલિ કપ ટી-૨૦ અંતર્ગત તાજેતરમાં કેઝી બોયઝ, ભીલોડા અને શામડિયા ક્રિકેટ ક્લબ, મોડાસા વચ્ચે મેચ યોજાઈ હતી. જેમાં શામડિયા ક્લબનો વિજય થયો હતો. ક્લબ વતી રમતા ભુવનેશકુમારને તેઓના ઓલરાઉન્ડ પ્રદર્શન બદલ મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

# મોડાસાના હજીરામાં ઝાડ પર લટકતો યુવાનનો મૃતદેહ મળતા ચકચાર

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના ગણેશપુરા ગામ (હજીરા)ની સીમમાં બાવળની ઝાડીઓમાં આધેડ વયના અજાણ્યા ઈસમનો મૃતદેહ ઝાડ પર લટકતો હોવાના સમાચાર મોડાસા પંથક અને શહેરમાં વાયુવેગે પ્રસરતા હજીરા વિસ્તારમાં લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. હજીરાની સીમમાં ઝાડ પર મૃતદેહ લટકતો હોવાની જાણ મોડાસા ટાઉન પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતદેહનો કબ્જો મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા શહેરના પ્રવેશદ્વાર સમા ગણેશપુર વિસ્તારમાં બાવળની ઝાડીઓમાં આધેડ વયના એક પુરૂષનો મૃતદેહ ઝાડના ડાળા સાથે લટકતી હાલતમાં દેખાતા લોકોના ટોળેટોળા ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા. આ બનાવની જાણ મોડાસા ટાઉન પોલીસને થતા તાબડતોડ મોડાસા પોલીસ પહોંચી પ્રાથમિક તપાસ હાથ ધરતા આધેડ વયના પુરૂષે ગળામાં દુપટ્ટો બાંધી બાવળના ઝાડ સાથે બીજો છેડો બાંધી આત્મહત્યા કરી લીધી હોવાનું જણાઈ આવ્યુ હતુ. લટકતા મૃતદેહને જોવા એકત્રિત થયેલા લોકોના ટોળામાંથી એક વ્યક્તિએ આ મૃતક વાંટડા ગામનો કાન્તીભાઈ પુંજારા હોવાનુ જણાવ્યુ હતુ. જો કે પોલીસે મૃતદેહને ઝાડ પરથી નીચે ઉતરાવી પી.એમ. માટે મોકલી આપી ખબર આપનાર સત્યવાન પટેલની જાણવાજોગ ફરિયાદના આધારે કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી. મૃતક યુવાનનો મૃતદેહ નિહાળનાર લોકોમાં તરેહ તરેહની ચર્ચાઓ જાગી હતી કે આધેડે આત્મહત્યા કરી હશે ? કોઈએ હત્યા કરી હશે કે પછી હત્યાની ઘટનાને અંજામ આપી મૃતદેહને બાવળની ઝાડીઓમાં લાવી ઝાડ સાથે લટકાવી દઈ આત્મહત્યામાં ખપાવવાનો પ્રયાસ હશે. લોકોના જણાવ્યા મુજબ ઝાડ સાથે જે સ્થિતિમાં મૃતદેહ લટકતી હતો ત્યારે આત્મહત્યા કર્યા અંગે અનેક પ્રશ્નો ઉદભવ્યા હતા કે આત્મહત્યા પોલીસ તપાસનો વિષય છે. આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી પોલીસે અજાણ્યા મૃતદેહની ઓળખવિધિ કરી શકી નથી.

# ઉના દલિત અત્યાચારના વિરોધમાં ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા જિલ્લા કલેક્ટરને પાઠવાયુ આવેદનપત્ર

પાલનપુર, તા. ૨૮

ઉનામાં દલિત અત્યાચારના પડઘા દેશભરમાં પડ્યા છે. ત્યારે કેટલાક રાજકીય પક્ષો આ સંવેદનશીલ મુદ્દે રાજકીય રોટલા શેકવા તલપાપડ બન્યા છે. ત્યારે આજે પાલનપુર ખાતે ગુજરાત રાજ્ય ક્ષત્રિય ઠાકોર સેના અને ઓએસએસ એકતા મંચ બનાસકાંઠાના સંયુક્ત ઉપક્રમે ઉનામાં થયેલ દલિત અત્યાચારના વિરોધમાં જિલ્લા કલેક્ટરને લેખિત આવેદનપત્ર સુપ્રત કરી કડક તપાસ કરવાની માંગ કરાઈ હતી.

ક્ષત્રિય ઠાકોર સેના અને ઓ.એસ.એસ.ના સંયુક્ત ઉપક્રમે આજે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યુ હતુ. જેમાં ઉના દલિત અત્યાચાર કાંડમાં સીબીઆઈ તપાસની માંગ કરી હતી. આ ઉપરાંત ગૃહમંત્રી અને સામાજીક ન્યાયમંત્રીને આ ઘટનામાં જવાબદાર ઠેરવી તેઓના રાજીનામાની માંગ સાથે તટસ્થ તપાસ કરવાની માંગ કરવામાં આવી હતી.

જ્યારે બસપા દ્વારા પણ શહેરના સીમલાગેટ વિસ્તારમાં ઉના દલિતકાંડના વિરોધમાં ભાજપ સરકારના વિરોધમાં ઉગ્ર સૂત્રોચ્ચાર સાથે રેલી યોજી હતી.

સુર્યા ફાઉન્ડેશન ધ્વારા આદર્શ ગ્રામ યોજના અને ભારત યુથ ક્લબ અંતર્ગત સુર્યા ફાઉન્ડેશન રજત જયંતી ઉજવણીના ભાગરૂપે દેશભરના ૧૧ રાજ્યોમાં સુર્યા સફાઉન્ડેશન ધ્વારા રપ લાખ વૃક્ષો રોપવાનો સંકલ્પ કર્યો છે.સુર્યા ફાઉન્ડેશન ધ્વારા ગુજરાતના અનેક ગામોમાં ૧ લાખ ૧૬ હજાર વૃક્ષો રોપશે.સુર્યા ફાઉન્ડેશન ગુજરાત ગ્રામ યોજના પ્રાંત પ્રમુખ વિષ્ણુભાઈ દેસાઈએ વિવિધ ગામોમાં પર્યાવરણ સ્વચ્છ રહે અને ગ્રીન ભારતનું સપનુ સાકાર કરવા જઈ રહ્યા છે તેમ જણાવ્યું હતું.

## તોતિંગ મશીન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્રની ટીમ દ્વારા રાત્રિના પણ કામગીરી ચાલુ રહેશે વરસાદી પાણીના ભરાવાના લીધે સે-૩ ની ગટર લાઇનનુ મેઈન હોલ ખસી જતા તંત્ર માટે શિરદર્દ ઉભો થયો છે. છેલ્લા બે દિવસથી ગટરલાઇનનુ ચોકઅપ દુર કરવા માટે મેન પાવર અને મશીનરી કામે લાગી છે. સેકટરમાં ગટરલાઇનની મેઈનહોલની દિવાલો પણ તુટી ગઈ છે. આ સમારકામ માટે તંત્ર દ્વારા છેલ્લા બે દિવસથી કામ હાથ ધરવામાં આવ્યુ છે. હાલની સ્થિતિએ ૨૦ ફુટ જેટલુ ઉંડુ ખોદાણ કરી દેવાયુ છે. જયારે આ દરમિયાન વિજવાયર પણ કપાતા કેટલાક ઠેકાણે વિજપ્રવાહ ખોરવાઈ ગયો હતો. જયારે ટેલીફોનનો કેબલ પણ કટઓફ થતા સેકટરમાં ઘણાંખરા ઘરોમાં ટેલીફોન સેવા ખોરવાઈ ગઈ છે. હાલ વરસાદ બંધ છે. ત્યારે પાટનગર યોજના વિભાગના ગટર લાઇનના ડિવિઝન દ્વારા ઝડપથી આ કામગીરી પુર્ણ થઈ જાય તે માટે યુધ્ધના ધોરણે કામ હાથ ધરવામાં આવ્યુ છે. હજુ પણ ૩ થી ૪ ફુટના ખોદાણના અંતે પાઈપલાઈનનુ જોડાણ માલુમ પડે તેવી શકયતા હોવાથી વધુ ખોદાણ માટે તંત્ર દ્વારા હીટાચી મશીન મંગાવી કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે વરસાદ ન હોય તેવા સંજોગોમાં રાત્રિના પણ કામ કરવાનો નિર્ણય લેવાયો છે. સેકટરમાં આ સમસ્યાના લીધે ગટરો ઉભરાવાની ફરિયાદો વધી ગઈ હોવાથી ઝડપથી આ કામ પુર્ણ કરવાની અનિવાર્યતા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. જો કે સુત્રોના જણાંવ્યા મુજબ હજુ પણ ત્રણ દિવસ આ કામગીરી ચાલશે.

# વાવોલથી પકડાયેલા શખ્સને પિસ્તોલ તેના ભાઈએ આપી હતી

## ધરપકડ કરાયેલો ભાઈ એક દિવસના રિમાન્ડ પર : છ મહિના પહેલા પિસ્તોલ મળી હોવાની કેફીયત

ગાંધીનગર, તા. ૨૮

વાવોલ પાસેથી બે શખ્સો પિસ્તોલ અને કારતુસ સાથે સે. ૭ પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. જેની પાસેથી પિસ્તોલ મળી તેને તેના ભાઈએ આપી હોવાની વિગતો ખુલતા પોલીસે ત્રીજા શખ્સની પણ ધરપકડ કરી લીધી હતી. કોર્ટે તેના એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. તે છ મહિના પહેલા પિસ્તોલ કડી પાસે પોતાના વતન નજીકથી મળી હોવાની કેફીયત આપી રહ્યો છે. પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર પાસે આવેલા વાવોલ ગામ નજીકથી સે. ૭ પીએસઆઈ એમ.પી. ચૌહાણ તથા તેમની ટીમે બાઈક પર આવેલા વૈભવ જયેન્દ્ર જાની અને શૈલેષ જગા ઠાકોરને પિસ્તોલ અને કારતુસ સાથે પકડી પાડ્યા હતા. વૈભવના કબ્જામાં પિસ્તોલ હતી અને તે પિસ્તોલ અંગે પુછપરછ કરતાં છત્રાલ ખાતે નોકરી કરતાં વૈભવના ભાઈ કેતને પિસ્તોલ આપી હોવાનું ખુલ્યુ હતુ. કેતનની પોલીસે ગઈકાલે ધરપકડ કરી કોર્ટમાં રજુ કરવામાં આવતા કોર્ટે તેના એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. પોલીસ ઈન્ટ્રોગેશનમાં કેતનને તેના વતન કડી પાસેના ગામમાંથી છ મહીના પહેલા આ પિસ્તોલ-કારતુસ મળ્યા હોવાની કેફીયત આપી રહ્યો છે. કેતને તેના ભાઈ વૈભવને પિસ્તોલનો નિકાલ કરવા કહી પિસ્તોલ આપી દીધી હતી. પરંતુ પિસ્તોલ તે પોતાની સાથે લઈને ફરતો હતો. જ્યારે તની સાથે બાઈક પર ફરતો શૈલેષ વૈભવ સાથે નોકરી કરતો હતો. આથી કેફીયત આપતા પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી છે.

# પાલનપુરના માલણ ગામમાં વીજ કરંટથી ગાયનું મોત

ઉત્તર ગુજરાત વીજ કંપનીના પ્રિ. મોન્શુન પ્લાનના ધજીયા ઉડાડતી વધુ એક ઘટના પાલનપુર તાલુકાના માલણ ગામમાં પ્રકાશમાં આવી છે. જ્યાં વીજ કરંટથી એક ગાયનું મોત નીપજ્યું હોવાના અહેવાલ સાંપડ્યા છે. ૧૧ કે.વી.ની હેવી વીજ લાઈન પરથી તણખા ઝરતા હોવાના અહેવાલો વચ્ચે જીઈબીની બેદરકારી છતી થઈ હોવાની ચર્ચાએ વેગ પકડ્યો છે. ત્યારે માલણના ચાંપાજી હેદુજી ઠાકોરની ગાયને વીજ કરંટ લાગવાથી મોતને ભેટતા લોકોએ જીઈબીની લાપરવાહી સામે ફીટકારની લાગણી વરસાવી હતી.

# ૩૧મીએ શહેર કોંગ્રેસની વિસ્તૃત કારોબારી મળશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ એક અખબારી યાદીમાં જણાવે છે કે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની સુચના અનુસાર ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડૉ. કૌશિક શાહના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસની વિસ્તૃત કારોબારી મીટીંગ ૩૧-૭-૨૦૧૬ના રોજ બપોરે ૧.૩૦ કલાકે ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. તો ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના તમામ હોદેદારો, જુદા જુદા સેલના ચેરમેનો, ચુંટાયેલા નગરસેવકો, સિનીયર આગેવાનો, મહિલા કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ. અને યુવા કોંગ્રેસના કાર્યકરો-આગેવાનોએ આ વિસ્તૃત કારોબારી મીટીંગમાં અચૂક હાજર રહેવા જણાવાયું છે.

## રાજપૂત સમાજનું ગૌરવ

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના સરડોઈ ગામના મહિલા પોલીસ સબ ઈન્સ્પેક્ટર મનીષાકુંવર આર. પુવારનું તાજેતરમાં ગુજરાત રાજ્ય સરકાર દ્વારા થયેલા પોલીસ ઈન્સ્પેક્ટરના પ્રમોશનમાં બઢતી મળતા રાજપૂત સમાજમાં હર્ષની લાગણી ફેલાઈ હતી. સરડોઈ ગ્રામ પંચાયતના સરપંચ જયદત્તસીંહ પુવારે અને સમગ્ર રાજપૂત સમાજે હાર્દિક શુભેચ્છા પાઠવી હતી.

# વિજયનગરમાં મોટા સમઢિયાળાના દલિતોના સમર્થનમાં રેલી યોજાઈ

ભારતીય જનતા પક્ષની વર્તમાન સરકારના રાજમાં દલિતો ઓબીસી અને આદિવાસી સહિતની તમામ કોમો ભયના ઓથાર હેઠળ જીવી રહી હોવાનું ધારાસભ્યએ જણાવ્યુ હતું. ઉનાના મોટા સમઢિયાળાના દલિતોના સમર્થનમાં વિજયનગર ખાતે રેલી યોજવામાં આવી હતી. જેમાં વિજયનગરના વેપારીઓએ પણ બંધ પાળ્યો હતો.

વિજયનગર તાલુકા દલિત સેનાની આગેવાની હેઠળ ઉનાના મોટા સમઢિયાળાના દલિતોને ગૌરક્ષાના નામે ઢોર માર મારી અત્યાચાર ગુજારવામાં આવતા તેના વિરોધમાં ગુરૂવારે સભા, રેલી અને મામલતદારને આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ ધારાસભ્ય અશ્વિનભાઈની અધ્યક્ષતામાં યોજાયો હતો. જે પ્રસંગે ઉપસ્થિત લોકોને સંબોધતા ધારાસભ્યએ વર્તમાન શાસકોના રાજમાં પછાતો ભયના ઓથાર હેઠળ જીવન જીવી રહ્યા હોવાનો આક્ષેપ કરી દલિતો પરના અત્યાચારને સખ્ત શબ્દોમાં વખોડવામાં આવ્યો હતો.

આ પ્રસંગે વણકર સમાજ પ્રમુખ જે.ડી.જાદવ, પૂર્વ પ્રમુખ ધીરૂભાઈ રેંટિયા, નાથાભાઈ જાદવ, રામજીભાઈ મકવાણા, મોહનભાઈ, કાનજીભાઈ પરમાર, કોંગ્રેસ અગ્રણી લાલજીભાઈ, બાબુભાઈ વ્યાસ, જેડીયુ કાર્યકર થાવરાજી પાંડોર તથા ભાજપ ઉપપ્રમુખ અલ્પેશભાઈ ડાભી, વિનોદભાઈ કોટવાલ, આર.એસ.એસ.ના તાલુકા કાર્યવાહ વિજયસિંહ ઝાલા તથા અનેક કાર્યકરોએ રેલી સ્વરૂપે મામલતદાર કચેરી જઈ મામલતદારને ઉનાની ઘટનાને સખ્ત શબ્દોમાં વખોડી તેની ન્યાયિક તપાસની માગણી કરતું આવેદનપત્ર પાઠવ્યુ હતું.

## સંસદમાં ઉહાપોહ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરંતુ ભાવ વધારાને કાબૂમાં લેવા માટે કયા પગલા લેવામાં આવી રહ્યા છે તે મુદ્દે પણ લોકોને માહિતી આપવામાં આવે તે જરૂરી છે. એનડીએ સરકારે બે વર્ષની ઉજવણી હાલમાં જોરદારરીતે કરી હતી. મુંબઈથી બોલીવુડ સ્ટારોને બોલાવવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં વડાપ્રધાને સ્વચ્છ ભારત, મેક ઈન ઈન્ડિયાની વાત કરી હતી પરંતુ મોંઘવારીને લઈને કોઈ વાત કરી ન હતી. મોંઘવારી ક્યારે કાબૂમાં લેવાશે તે અંગે કોઈ વાત કરી ન હતી. દેશના લોકોને મુશ્કેલીમાં મુકી રહેલા દાળ, ટામેટા, બટાકા અને અન્ય ચીજવસ્તુઓના ભાવ ક્યારે કાબૂમાં આવશે તે અંગે વાત કરવા રાહુલે સૂચન કર્યુંહતું. રાહુલે એમ પણ કહ્યું હતું કે, દેશના લોકોની સામે મોંઘવારી સૌથી મોટો મુદ્દો છે અને આ મુદ્દે એક પણ વાત થઈ રહી નથી. મોદીને પોતાના વચનની યાદવ અપાવતા રાહુલે કહ્યું હતું કે, ૧૬મી ફેબ્રુઆરી ૨૦૧૪ના દિવસે હિમાચલ પ્રદેશની ખુબસુરત પહાડીઓમાં વડાપ્રધાને કહ્યું હતું કે, દેશની સામે મોંઘવારી એક મોટી સમસ્યા છે. ગરીબોના ઘર મોંઘવારીથી ચાલી શકતા તેમને આસુ પીને સુઈ જવું પડે છે. વાસ્તવિકતા એ છે કે, મોંઘવારીના સંદર્ભમાં ખોટા વચન આપી શકાય નહીં.

# સચિવાલયના વધુ ૨૯ સેકશન અધિકારીઓને બઢતી અપાઈ

ગાંધીનગર, તા. ૨૮

રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે આજે સાંજે સચિવાલયના ૨૯ સેક્શન અધિકારીઓને ઉપસચિવ તરીકે બઢતી આપતા હૂકમો જારી કર્યા છે. આ ઉપરાંત ત્રણ ઉપ સચિવોની બદલી કરવામાં આવી છે.

સચિવાલયના સંવર્ગમાં આ બીજા તબક્કાના બઢતીના હૂકમોની ચર્ચા કર્મચારી વર્ગમાં રાહ જોવાતી હતી.

| | | |
|---|---|---|
| એન.જે. વાઘેલા | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ઉદ્યોગ અને ખાણ વિભાગ |
| પી.ડી. ધંધુકીયા | મહેસૂલ વિભાગ | મહેસૂલ વિભાગ |
| સુરેશ ડી. મોઢા | ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ | સામાન્ય વહીવટ વિભાગ |
| એસ.એમ. શુકલ | કાયદા વિભાગ | કાયદા વિભાગ |
| પી.એમ. મોતીવાલા | નાણા વિભાગ | કૃષિ અને સહકાર વિભાગ |
| જે.પી. ત્રિવેદી | સ.પ.લો.પ્ર.સંસ્થા (સ્પીપા) અમદાવાદ | સ.પ.લો.પ્ર.સંસ્થા (સ્પીપા) અમદાવાદ |
| આઈ.એ. દવે | સામાન્ય વહીવટ વિભાગ | સામાન્ય વહીવટ વિભાગ/વસુતાપ્ર |
| એમ.એચ. મકવાણા | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ |
| એચ.જે. રાઠોડ | મહેસૂલ વિભાગ | મહેસૂલ વિભાગ |
| એચ.આર. ગોહેલ | મહેસૂલ વિભાગ | મેનેજર, એન.આર.જી. ફાઉન્ડેશન, ગાંધીનગર |
| સી.ટી. નિમાવત | મહેસૂલ વિભાગ | નાણા વિભાગ |
| કે.પી. પાઠક | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિ. | શિક્ષણ વિભાગ |
| ડી.પી. મોદી | બંદરો અને વાહન વ્યવહાર વિ. | કૃષિ અને સહકાર વિભાગ |
| એચ.આઈ. શેખ | નાણા વિભાગ | આરોગ્ય પરિવાક કલ્યાણ વિ. |
| કે.ડી. મહેતા | નાણા વિભાગ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ |
| પી.એન. શુકલ | મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય | મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય |
| એન.એ. વાઘેલા | સામાન્ય વહીવટ વિભાગ | સામાન્ય વહિવટ વિભાગ |
| જે.એ. ઓઝા | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. |
| એમ.બી. ચોવટીયા | સામાન્ય વહીવટ વિભાગ | સામાન્ય વહીવટ વિભાગ |
| વી.વી. પટેલ | શ્રમ અને રોજગાર વિભાગ | સામાજીક ન્યાય-અધિકારીતા વિભાગ |
| ડી.એસ. શર્મા | શિક્ષણ વિભાગ | વહીવટી અધિકારી, મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદ |
| પી.એસ. ઠાકોર | ગુજરાત તકેદારી આયોગ | શિક્ષણ વિભાગ |
| બી.બી. રાઠોડ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ |
| શશીકાન્ત ડી. મોઢા | માર્ગ અને મકાન વિભાગ | માર્ગ અને મકાન વિભાગ |
| એમ.બી. દેસાઈ | સામાન્ય વહીવટ વિભાગ | સામાન્ય વહીવટ વિભાગ/ચૂંટણી |
| એમ.બી. પટેલ | સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ | સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ |
| બી.જી. વાઘેલા | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | વન અને પર્યાવરણ વિભાગ |
| એલ.એમ. વાઘવાણી | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ |
| કે.એ. જાડેજા | કાયદા વિભાગ | મહેસૂલ વિભાગ |

બાયડમાં સવા ઈંચ વરસાદ પડતા નિચાળવાળા અને ઝુંપડપટ્ટીવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જતા થોડી હાલાકી સર્જાઈ હતી. પણ નગરપાલિકા દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે નગરપાલિકા તંત્રની મહેનતને કારણે થોડા સમયમાં વરસાદી પાણીનો નિકાલ કરી નાખ્યો હતો.

## લુંટી લીધો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેના પરિવારે સંબંધી મારફતે એક રસીદ ઘાંચી નામના દલાલનો સંપર્ક સાંધ્યો હતો. રૂ. ૨ હજાર આપીને દલાલ મારફતે આ યુવાન ડભોઈની એક યુવતી તથા તેના પરિવારને ડભોઈ ચોકડી પાસે મળ્યો અને બંનેનું નક્કી થઈ ગયુ હતુ. છઠ્ઠી જુલાઈએ ચુંદડી ઓઢાડીને બંનેના પરિવારોની હાજરીમાં સગાઈ કરવામાં આવી. યુવતીના મામા, કાકા અને ભાઈએ લગ્ન જલ્દી કરી લેવા કહી ૧૦ દિવસમાં જ એટલે કે ૧૫ જુલાઈએ લગ્ન કરવાનુ નક્કી કરી દીધુ. સગાઈને દિવસે યુવાને ૫૦૦ કુટુંબીજનો સગા-વ્હાલાઓનું રસોડુ કરાવીને ખર્ચો કરીને જમાડ્યા અને લગ્ન માટે દાગીના કરાવવા દેવુ પણ કરી નાંખ્યુ..! લગ્નનું મુહૂર્ત પણ જોવડાવી દીધુ અને યુવતીના પરિવારને ખર્ચા પેટે રૂ. ૫૦ હજાર પણ આપી દીધા હતા. લગ્નના બે દિવસ પહેલા જ યુવતી અને તેણીના તમામ બની બેઠેલા સગાવ્હાલાઓએ મોબાઈલ સ્વીચ ઓફ કરી નાંખ્યા..! યુવાન અને તેનુ પરીવાર ચિંતામાં આમ તેમ ફરવા લાગ્યું. દલાલને પકડ્યા તો દલાલ ડભોઈ લઈને ગયો પરંતુ ત્યાં આવી યુવતી કે સગા રહેતા જ ન હોવાનુ જાણવા મળ્યું..! યુવાનને લગ્નના સ્વપ્રમાં રચાવીને લુંટેરી દુલ્હન તથા તેનુ પરીવાર રફફુચક્કર થઈ ગયુ છે. આ મામલે લુંટેરી દુલ્હન તથા તેના નકલી પરિવાર સામે યુવાને ચિલોડા પોલીસમથકમાં ફરીયાદ કરતાં પોલીસે જાણવા જોગ લઈ તપાસ શરૂ કરી છે. દેવુ કરીને યુવાને ૫૦ હજાર રૂપિયા યુવતીને આપવા અને ૨ હજાર દલાલને... તે ઉપરાંત ૫૦૦ સગા વ્હાલાઓને જમાડ્યા..! આ બધુ માથે પડ્યુ પરંતુ છતાંય દાગીના બનાવીને રાખ્યા હતા તે બચી જતાં યુવાન સાવ પાયમાલ થઈ જતા રહી ગયો છે..!

## પાણીના નવા બોર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થતા આકરી ગરમીના દિવસોમાં પાણીની પોકારનો પ્રશ્ન હલ થશે તેવી આશા પણ ગ્રામજનોમાં બંધાઈ છે. જો કે પાણીના બોર નવા બનાવાની સાથે પાઈપલાઈનનુ કામ પણ ઝડપભેર હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. ગામના જાગૃત નાગરિકોના મતે ગ્રામ્ય વિસ્તારમાં મોટાભાગની પાઈપલાઈનો પણ જુની અને કટાયેલી હાલતમાં છે. જયારે વસતીના પ્રમાણમાં પાઈપ લાઈનના નેટવર્કનુ પણ અપગ્રેડેશન થાય તે અનિવાર્ય છે. બોર બનાવાની યોજના સાથે પાઈપલાઈનનુ કામ પણ ઝડપથી થાય તેવુ આયોજન કરવા પણ માંગ ઉઠવા પામી છે.

## સિઝનલ પરિબળ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહી છે. તેમણે કહ્યું હતું કે, વર્તમાન ફુગાવો સિઝનલ પરિબળો ઉપર આધારિત છે. જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવને કાબૂમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. જેટલીએ સરકાર તરફથી ખાતરી આપતા કહ્યું હતું કે, ભાવ વધારાને કાબૂમાં લેવા વિવિધ પગલા આગામી દિવસોમાં પણ લેવામાં આવશે. નાણામંત્રીએ કહ્યું હતું કે, ફુગાવો હવે અંકુશમાં છે. સારા મોનસુનની આગાહી પહેલાથી જ થઈ ચુકી છે. સારો વરસાદ થયા બાદ ભાવ વધારો કાબૂમાં આવશે. ચીજવસ્તુઓના ભાવ ઘટશે. જેટલીએ એમ પણ કહ્યું હતું કે, ભાવ વધારાના મુદ્દે વિરોધ પક્ષો બૂમો પાડી રહ્યા છે પરંતુ એનડીએ સરકાર આવ્યા બાદથી જુદા જુદા ક્ષેત્રોમાં લોકોને એક પછી એક રાહતો આપવામાં આવી રહી છે.